


'આ દેશને જેટલા વર્ષ થયાં એટલા મને થયાં...હું આ દેશ જેટલો છું...' ૧૫મી ઓગસ્ટ આવે એટલે આ ૭૧ વર્ષીય પુરુષોત્તમભાઈ બુધાભાઈ શર્મામાં અનેરું ચૈતન્ય ઝલકે...૧૯૪૭ની ૧૫મી ઓગસ્ટની મધરાતે ભારત દેશ આઝાદ થયો અને એ જ મધરાતે અમદાવાદમાં હેરકટીંગ સલુન ચલાવતા બુધાભાઈ શર્માને ત્યાં પુરુષોત્તમભાઈનો જન્મ થયો. અમદાવાદની કાપડ મીલમાં જોબર તરીકે જોબ શરૂ કરનાર આ પુરુષોત્તમભાઈ અમદાવાદથી ગાંધીનગર આવવાની બસની ટિકિટ ૭૦ પૈસા હતી ત્યારે ગાંધીનગર આવી ગયા છે. બાપીકો વ્યવસાય નહીં અપનાવીને તેમણે સુરક્ષા-સલામતીની કામગીરી સંભાળી છે. અત્યારે પણ ગાંધીનગરના સેકટર-૧૧ના શાલીન કોમ્પલેક્ષમાં સિક્યોરિટીમેન તરીકે ફરજ બજાવતા પુરુષોત્તમભાઈ આ આખાય વિસ્તારમાં ખાસ્સા લોકપ્રિય છે. ભારત સાથેના પોતાના જન્મ સમય-દિવસની સામ્યતાને લઈને તેઓ અત્યંત ઉત્સાહિત છે. માણસ વિશેષ હોય કે સામાન્ય; સમાજ સમક્ષ પોતાનું અસામાન્યપણુ પ્રગટ કરવાની ખેવના જ માણસને જીવન જીવવાનું બળ પુરું પાડે છે.




સ્વાતંત્ર પર્વની ઉજવણીને અનુલક્ષી નગરની શાળા કોલેજોમાં પણ વિવિધ કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે પ્રિ સ્કુલના ભુલકાઓએ પણ સ્વાતંત્ર પર્વની ઉજવણી વિશિષ્ટ રીતે કરી હતી સે-૭ રંગોલી પ્રિ સ્કુલના ભુલકાઓ સ્વાતંત્ર પર્વની ઉજવણીના ભાગરૂપે પ્રિ સ્કુલના બાળકો જવાહરલાલ નહેરુ , ગાંધીજી , ઝાંસીની રાણી જેવા સ્વાંગમાં સજ્જ થયેલા જોવા મળ્યા હતા. પ્રિ સ્કુલના સંચાલક કાનન પટેલે પણ બાળકોને વિશેષ રીતે પ્રોત્સાહીત કર્યા હતા.

# આજે પાટનગરના યુવાનો અનોખી રીતે ઉજવશે સ્વાતંત્ર્ય પર્વ

## કોઈ યુવાન વૃક્ષારોપણ કરશે તો કોઈ સ્વચ્છતા અભિયાન, કોઈ યુવા ગૃપ રસ્તે રઝળતા રાષ્ટ્રધ્વજ વીણશે તો કોઈ અનાથ બાળકોને મદદરૂપ થશે

સ્વાતંત્ર્ય પર્વ એટલે આઝાદીના આનંદનું પર્વ, રાષ્ટ્રની આઝાદી માટે બલિદાન આપનારા શહીદોને યાદ કરી વંદન કરવાનું પર્વ, આ રાષ્ટ્રીય પર્વની ઉજવણી માત્ર સરકારી રાહે થતી હોવાનો આક્ષેપ ઘણા સમયથી થઈ રહ્યો હતો પરંતુ હવે યુવા પેઢીમાં રાષ્ટ્રપ્રેમ અને દેશભદાઝની લાગણી પ્રબળ બની રહી હોવાનુ પ્રતિત થઈ રહ્યુ છે. આજની યુવા પેઢી પર વારંવાર લાંછન લગાડાય છે કે તેઓ માત્ર વેલેન્ટાઈન ડે અને ફ્રેન્ડશીપ ડે કે ચોકલેટ ડે જેવા તહેવારો જ ઉજવે છે. પરંતુ ગાંધીનગરના યુવાનો સાથે વાત કરતા જણાયું કે આજની યુવા પેઢી 'ઈન્ડિપેન્ડન્સ ડે'ની ઉજવણી પણ એટલી જ ગંભીરતાથી કરી રહી છે. ગાંધીનગર સમાચારે કેટલાક યુવાનોને મળી તેમના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના આયોજન જાણવા પ્રયાસ કર્યો હતો.

"હું ઈન્સ્ટ્રુમેન્ટ એન્ડ કન્ટ્રોલ એન્જિનીયરીંગનો વિદ્યાર્થી છુ. સ્વતંત્રતા દિવસે આપણે સૌ એક જાહેર રજા ગણીને તેને વ્યર્થ રીતે પસાર કરીએ છીએ પરંતુ હું મારા મિત્રો સાથે મળીને આ દિવસનો સદુપયોગ કરવામાં માનુ છુ. આ દિવસ અમે દત્તક લીધેલાં રાંચરડા ગામને આપવાનો નિર્ણય કર્યો છે જ્યાં અમે



સ્વચ્છતા અભિયાન, વૃક્ષારોપણ તથા બાળકો સાથે રમત-ગમત વગેરે પ્રવૃત્તિઓ દ્વારા ઉજવણી કરીશુ."

**- દેવમ ત્રિવેદી**
**સરકારી ઈજનેરી કોલેજ, સે. ૨૮**

"એક બાયોમેડિકલ એન્જીનિયર તરીકે મારામાં દયા ભાવના હોવી એ ચોક્કસ બાબત છે. સ્વતંત્રતા દિવસે હું હંમેશા સારા કાર્યો કરવામાં માનુ છુ. આ વખતે સ્વતંત્રતા દિવસે હું અનાથાશ્રમ જવાની છુ જ્યાં અનાથ બાળકોને વિદ્યાદાન આપવા પ્રયત્ન કરીશ તથા તેમની સાથે મારા ખર્ચે આઈસ્ક્રીમ પાર્ટી પણ કરીશ."



**- સિદ્ધિ જોશી, સે. ૨૬**

"સ્વાતંત્ર્ય દિવસ અને પ્રજાસત્તાક દિવસ મને સૌથી વધુ ગમતા તહેવાર છે. આ બંને દિવસે આપણે ઉજવણીના આનંદમાં કેટલોક વિવેક ભુલી જઈએ છીએ અને સાંજે તો રસ્તાની આજુબાજુમાં નાના-નાના રાષ્ટ્રધ્વજ કચરાના ઢગલામાં જોવા મળે છે. હું અને મારા મિત્રોએ નિશ્ચય કર્યો છે કે આ રીતે રસ્તે રઝળતા તિરંગા એકઠાં કરીને તેનુ યોગ્ય સન્માન કરીને આ દિવસને ઉજવીશુ."



**- નિકીતા ત્રિવેદી, સે. ૨**


"મેં આ સ્વાતંત્ર્ય દિને મારી કોલેજના એનએસએસ યુનિટ સાથે મળીને આસપાસના વિસ્તારોમાં વૃક્ષારોપણ કરવાનો નિર્ણય કર્યો છે. આજના સમયમાં પ્રદૂષણ ઘટાડવું અનિવાર્ય થઈ પડ્યું છે અને એનએસએસ હંમેશા આ પ્રકારની



પ્રવૃત્તિમાં અગ્રેસર રહે છે તેથી મને પણ ગર્વ છે કે હું તેનો એક ભાગ છું."

**- મોગા યાજ્ઞિક, સે. ૨૭**

"આપણે અંગ્રેજો પાસેથી આઝાદી તો મેળવી લીધી પરંતુ હાલના સમયે આપણે પ્રદૂષણના ગુલામ બનતા જઈએ છીએ. આપણો સૌથી મોટો દુશ્મન એ પ્રદૂષણ છે અને તેથી હું સ્વાતંત્ર્ય દિવસે વૃક્ષારોપણ કરીને ઉજવણી કરૂ છુ. આપણે સૌએ વૃક્ષારોપણ વધુ ને વધુ કરવું જોઈએ જેથી મનુષ્ય સહિત પશુ-પક્ષીઓને પણ સારૂ જીવન જીવવાની આઝાદી પ્રાપ્ત થાય કેમ કે પૃથ્વી માત્ર મનુષ્યો માટે નહીં પરંતુ પરમાત્માએ સર્જેલા તમામ જીવો માટે છે."



**- હર્ષ રોય, સે. ૧૭**

"હું સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી અમારા વૃંદાવન ગરબા ક્લાસમાં કરવાનો છુ. જ્યાં અમે સૌ શ્વેત વસ્ત્રોમાં સજ્જ થઈને ગરબા કરીશું જેનો પ્રારંભ દેશભક્તિ ગીતથી કરવામાં આવશે."



**- મયુરસિંહ વાઘેલા, સે. ૩**




**નાઈન બ્રિજીસ હાર્લી ડેવિસન ગૃપ**

અમારૂ ગૃપ દર વર્ષે રાષ્ટ્રીય પર્વની ઉજવણી સદ્કાર્ય થકી કરવામાં માને છે. આ વર્ષે અમે સેક્ટર-૧૯માં સ્પેશિયલ ચાઈલ્ડ હોમના બાળકો માટે કરિયાણુ, શુકો મેવો, નાસ્તો અને બિસ્કીટ વગેરેનો પુરવઠો પુરો પાડીને સ્વાતંત્રતા દિવસની ઉજવણી કરવાના છીએ. આ સાથે અમે આ બાળકો સાથે ધ્વજવંદન કરીશુ. ત્યારબાદ બાળકોને હાર્લી ડેવિસન બાઈક પર સીટીરાઈડનો આનંદ કરાવીશું."

## વાતવાતમાં

● શહેરના ઘ-૪ સર્કલથી બેંકિંગ વિસ્તારવાળા સર્વિસ રોડ પર બેજવાબદાર પાર્ક થયેલા વાહનો પર ટ્રાફિક નિયમનતંત્ર ત્રાટક્યું હતું. આ વિસ્તારમાં વાહનો ટોઈંગ કરવાનું ચાલુ કરાતા વાહનચાલકોમાં ફફડાટ વ્યાપ્યો હતો અને અનેક વાહન ચાલકો બેંકોમાંથી પોતાનું ટ્રાન્ઝેક્શન પડતું મુકીને વાહન ખસેડવા દોડી આવ્યા હતા.

● અડાલજ ખાતે એસજી હાઈવે સ્થિત શ્રીયા ફાર્મ ખાતેના ડાયમન્ડ કાફે દ્વારા સ્વાતંત્ર્ય દિવસે ગ્રાહકોને વિદ્યાર્થીઓ તથા સૈનિકોને વિશેષ છુટ સહિત ગ્રાહકો માટે પણ ખાસ સ્કીમની જાહેરાત કરી છે. આ અંતર્ગત સૈનિકોને પરિવાર સહિત ૫૦ ટકા અને વિદ્યાર્થીઓને પરિવાર સહિત ૧૫ ટકા ડિસ્કાઉન્ટ ઓફર કરી સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

## આજે શહેરમાં ભાજપ દ્વારા સદસ્યતા વૃદ્ધિ અભિયાનનો પ્રારંભ

ગાંધીનગર મહાનગર પાલિકાના દરેક વોર્ડમાં ભાજપ દ્વારા સદસ્યતા વૃદ્ધિ અભિયાનનો પ્રારંભ સાંજે ૪ કલાકે ગુજરાત પ્રદેશ સંગઠનના મહામંત્રી ભીખુભાઈ દલસાણીયાના હસ્તે કરાશે.

ભાજપ દ્વારા શહેરના દરેક વોર્ડમાં સ્વતંત્ર્યતા દિને સદસ્યતા વૃદ્ધિ અભિયાન કાર્યક્રમનો પ્રારંર કરાશે. આ કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશના સંગઠનમંત્રી ભીખુભાઈ દલસાણીયા, મહેશભાઈ કશવલા અને પ્રભારી પૃથ્વીરાજભાઈ પટેલ અને શહેરના અન્ય આગેવાનો આ અભિયાનમાં જોડાશે. આ અભિયાન અંતર્ગત નવા પ્રાથમિક સભ્યોને જોડાવવા માટે ૧૮૦૦૨૬૬૧૦૦૧ નંબર પર મિસકોલ કરીને જોડાવવા આહવાન કરવામાં આવ્યું છે.

## ચોટીલામાં રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના જન્મસ્થાનની મુલાકાત લેતા મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૧૪

રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના જન્મસ્થળ ચોટીલાની આમજે મુલાકાત લીધી હતી. મુખ્યમંત્રીએ ઝવેરચંદ મેઘાણીની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરી હતી. મુખ્યમંત્રીએ રાષ્ટ્રીય શાયરના જીવનઝરમર તથા સાહિત્યના પ્રદર્શનને નિહાળી ગૌરવ વ્યકત કર્યું હતું.

## પીડીપીયુની સ્કૂલ ઓફ લિબરલ સ્ટડીઝના વિદ્યાર્થીઓએ અમેરિકાની યુનિવર્સિટીઓની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૧૪

પંડિત દીનદયાલ પેટ્રોલિયમ યુનિવર્સિટીની સ્કૂલ ઓફ લિબરલ સ્ટડીઝના વિદ્યાર્થીઓ અને સંસ્કૃતિ, સામાજીક તથા વ્યાવાહારિક પરિભાષાને સમજવાનો હતો.

અમેરિકાની યુનિવર્સિટીઓમાં વિદ્યાર્થીઓએ એરલાઈન્સ, ફેડરલ રીઝર્વ બેંક, સ્થાનિક પોલીસ સ્ટેશન, ૨૧મી સેન્ચ્યુરી ફોક્ષ, એનબીસી સ્ટુડિયો અને હાર્વર્ડ યુનિવર્સિટીની પણ મુલાકાત લીધી હતી.



વ્યાખ્યાતાઓએ ઈન્ટરનેશનલ એક્ષપોઝર પ્રોગ્રામના અંતર્ગત સેક્રિડ હાર્ટ યુનિવર્સિટી અને સધર્ન ઈલિનોય યુનિવર્સિટીની મુલાકાત લીધી હતી. આ પ્રોગ્રામમાં કુલ ૪૫ વિદ્યાર્થીઓ અને ત્રણ વ્યાખ્યાતાઓ જોડાયેલા હતા. આ પ્રોગ્રામનો મુખ્ય હેતુ અમેરિકન અમેરિકન અર્થતંત્ર, ગ્લોબલ બિઝનેસ મેનેજમેન્ટ અને માસ કોમ્યુનિકેશન જેવા વિષયોનો અભ્યાસ કર્યો હતો. તદ્ઉપરાંત વિદ્યાર્થીઓએ શિકાગો, ન્યુયોર્ક, બોસ્ટન જેવા શહેરોની મુલાકાત લીધી હતી તથા ખ્યાતનામ કંપનીઓ જેવી કે ડેલ્ટા વિદ્યાર્થીઓએ મિલેનિયમ પાર્ક, સેન્ટ લુઈસ આર્ક, વિલ્સ ટાવર, લેક કમ્પાઉન્ડસ તથા ટાઈમ સ્કવેર જેવી જગ્યાઓનું પર્યટન પણ કર્યુ હતું. વિદ્યાર્થીઓની શિસ્ત અને કોમ્યુનિકેશન સ્કીલને બંનેને યુનિવર્સિટી દ્વારા બિરદાવવામાં આવી હતી.

## સ્વાતંત્ર્ય દિને ૯૦૦ મીટર લાંબા રાષ્ટ્રધ્વજ સાથે શૌર્ય મહાયાત્રાનું આયોજન

### રાધે રાધે ગૃપ તથા ગૂંજ ફાઉન્ડેશનના યુવાનો દ્વારા રાષ્ટ્રભક્તિ જગાવવાના હેતુથી ઘ-૫ થી ઘ-3 સર્કલ સુધીની યાત્રા યોજાશે

ગાંધીનગરમાં યુવાનો દ્વારા આ વખતે તા. ૧૫મી ઓગષ્ટે સ્વાતંત્ર્ય દિનની ભવ્ય ઉજવણી કરવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ અંતર્ગત શહેરમાં સૌ પ્રથમવાર ૯૦૦ મીટર લાંબા રાષ્ટ્રધ્વજ સાથે શૌર્ય મહાયાત્રા યોજાશે.

શહેરના સેવાભાવી યુવાનોની સંસ્થાઓ રાધે રાધે ગૃપ તથા ગૂંજ ફાઉન્ડેશન દ્વારા સ્વતંત્રતા દિવસની અનોખી ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉજવણીમાં તા. ૧૫મી ઓગષ્ટે વહેલી સવારે ૭ કલાકે ઘ-૫ સર્કલથી ઘ-૩ પથિકાશ્રમ સર્કલ સુધી શૌર્ય મહાયાત્રા યોજાશે જેમાં મોટી સંખ્યામાં યુવાનો તથા શહેરીજનો જોડાશે. આ સૌર્ય મહાયાત્રામાં શહેરમાં સૌપ્રથમવાર ૯૦૦ મીટર લાંબા ત્રિરંગા સાથે પદયાત્રા યોજાશે અને યુવાનો રાષ્ટ્રભક્તિ અંગે સૂત્રોચ્ચાર કરશે. શૌર્ય મહાયાત્રામાં ઘોડેસવારો શૌર્ય મહાયાત્રાને માર્ગદર્શિત કરશે તેમજ યાત્રામાં એક ખુલ્લી જીપ્સી કારમાં એક દિકરી ભારતમાતા બનીને ત્રિરંગા સાથે ઉભી રહેશે. યુવાનો પણ હાથમાં ત્રિરંગા સાથે દેશભક્તિનો સંદેશ પ્રસરાવશે. આ શૌર્ય મહાયાત્રામાં શહેરની સ્વૈચ્છિક સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ તેમજ શૈક્ષણિક કલારસિક વગેરે પણ જોડાશે. યુવાનો શૌર્ય મહાયાત્રામાં સફેદ વસ્ત્રો પરિધાન કરીને જોડાશે તેવુ આયોજકોએ જણાવ્યુ છે.

## ચિલોડા ગામમાં મેઘરાજાને મનાવવા મહિલાઓ દ્વારા શિવાલયમાં સામુહિક જળાભિષેક કાર્યક્રમ યોજાયો

ચિલોડા, તા. ૧૪

શ્રાવણ માસ હિન્દુ ધર્મમાં પવિત્ર માસનું ખૂબ શ્રદ્ધા અને વિશ્વાસના પ્રતિકસમા શિવભક્તો દ્વારા શિવાલયોમાં ભોળાનાથનો રીઝવવા અને મનાવવા 'જય જય મહાદેવ, ઓમ નમો શિવાય' ભમ ભમ ભોલેના ઘંટનાદથી ગુંજી રહ્યા છે. સૌ ભક્તજનો વહેલી સવારથી મોડીરાત સુધી શિવલીંગ પર પ્રિય બિલીપત્રો, જળ, દૂધ, ફુલ, પ્રસાદ, અગરબત્તી, ચંદન દ્વારા પૂજા-અર્ચના કરી રહ્યા છે. ત્યારે પ્રથમ સોમવાર હોવાથી હાલમાં મેઘરાજાની પધરામણીમાં



રીસામણાં લાંબા સમયથી ખેડૂતઆલમમાં વરસાદની અનિશ્ચિતતાના લીધે ખરીફ પાક મુંઝાતા ખેડૂતોમાં ભારે ચિંતા જન્મી છે. ત્યારે ગામે ગામ ઈસનપુરમોટા, ડભોડા જેવા ગામોમાં ભાવિકભક્તો દ્વારા પર્જન્ય યજ્ઞ દ્વારા મેઘરાજાને મનાવવા આજીજી કરી રહ્યા છે. જ્યારે ચિલોડા ગામમાં ગ્રામજનો દ્વારા રામજીમંદિરમાં ૩૬ કલાકની રામધૂન સહિત જનકભજન મહિલા મંડળ તથા કૃષ્ણ મહિલામંડળની બહેનો દ્વારા શેરી શેરીએ માથે મેહુલિયો લઈ ભજન-કિર્તન કરતા ગામમાં મેઘરાજાને મનાવવા પરિભ્રમણ કાર્યક્રમ યોજાયો હતો.

આ સાથે ગામના શ્રદ્ધાના પ્રતિકસમા નીલકંઠ મહાદેવના મંદિરમાં બપોરે ગામ મહિલા દ્વારા એક અનોખો કાર્યક્રમનું આયોજન કર્યુ હતુ. જેમાં દરેક મહિલાઓ ઘરેથી તાંબાના લોટામાં પાણી ભરીને મંદિરમાં એકત્ર થઈને ભજન-કિર્તન કર્યા બાદ મેઘરાજાને મનાવવા કાલાવાલા દ્વારા શિવલીંગ પર સતત સામુહિક જળાભિષેકનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ગામની ભાવિક મહિલાઓ ખૂબજ ઉત્સાહભેર જોડાતા પવિત્ર માસમાં શિવજીની પૂજા-અર્ચના કરવાનો અનેરો લ્વાહો લઈ ધન્યતા અનુભવી હતી. પ્રથમ સોમવારે મેઘરાજાને મનાવવા શિવજીની પૂજા કરી શિવજીની શ્રદ્ધા વ્યક્ત કરી હતી.

## શેડ તોડી પડાયા... ● છેલ્લા પાનાનું ચાલુ

સેકટરોમાં સ્થિત શોપિંગ સેન્ટરોમાં પણ ઓટલા અને પાર્કીંગની જગ્યામાં દબાણોની ભરમાર વચ્ચે દુકાનોમાં મોટા શેડ તાંણી બંધાયા હોવાથી તંત્રએ આ દબાણો પણ બુલડોઝર ફેરવાનુ શરૂ કર્યુ છે. આ ઉપરાંત સેકટરોમાં વેપારીઓ પાસેથી પ્લાસ્ટીકની બેગ પણ જપ્ત લેવામાં આવી રહી છે.આજે પણ મનપાના દબાણ તંત્ર દ્વારા સે-૨૨ અને સે-૨૮ માં દુકાનોના શેડના દબાણો તેમજ ઓટલાના દબાણો દુર કર્યા હતા. દબાણ ટીમના ઓફિસર મહેશ મોડ તેમજ તેમની ટીમે સે-૨૨ અને સે-૨૮ માંથી ૨૦ દુકાનોના શેડના દબાણો દુર કર્યા હતા. આ ઉપરાંત સે-૧૧ સ્થિત હવેલી આર્કેડ બિલ્ડીંગમાં ત્રણ લોખંડની સીડી પણ દબાણમાં આવતી હોવાથી દુર કરવામાં આવી હતી. જયારે આગળના ભાગે ઓટલો તાંણી બાંધવામાં આવ્યો હતો તેના પર બુલડોઝર ફેરવી દેવાયુ હતુ. દબાણતંત્રએ કાર્મશિયલ વિસ્તારમાં કડક રીતે દબાણો દુર કરવાની સખત કાર્યવાહી હાથ ધરતા વેપારીઓમાં પણ ફફડાટ પ્રવર્તાયો છે.

## રાષ્ટ્રપતિ ચંદ્રક... ● છેલ્લા પાનાનું ચાલુ

સ્થાન મેળવ્યુ છે. જાંબાઝ અધિકારી બ્રહ્મભટ્ટે પોલીસ તેમજ આમ નાગરિકો વચ્ચેનો સેતુ મજબુત બનાવવા માટે પણ નોંધપાત્ર યોગદાન આપી ફરજનિષ્ઠ પોલીસ અધિકારી તરીકે આગવી ઈમેજ બનાવી છે. જયારે હાલ અમદાવાદમાં મુખ્ય પોલીસ અધિકારીની કેચરીમાં મદદનીશ નિયામક તરીકે ફરજ બજાવતા ડી પી ચુડાસમાને પણ પ્રશંસનીય સેવા બદલ મેડલ એનાયત કરવાની જાહેરાત કરવામા આવી છે.આ ઉપરાંત પ્રસંશનીય સેવા અંગેના પોલીસ મેડલની યાદીમાં સી એમ સિક્યુરીટીમાં ફરજ બજાવતા નાયબ પોસીસ અધિક્ષક પરાગ વ્યાસને પણ આ સન્માનથી નવાજવામાં આવશે. આ ઉપરાંત હીતેન્દ્રકુમાર જીવણલાલ પરમાર, તેમજ સી એમ સિક્યુરીટીમાં ફરજ બજાવતા હરેશ દત્તારામ ઈંગલેને પણ આ પ્રસંશનીય સેવા બદલ મેડલ એનાયત કરવાની જાહેરાત કરવામાં આવશે. રાજયના પોલીસ વડા શિવાનંદ ઝા એ રાષ્ટ્રપતિ મેડલ મેળવનાર તમામ પોલીસ અધિકારીઓ અને જવાનોને અભિનંદન પાઠવ્યા છે.

## સ્વતંત્રતા દિવસ... ● પહેલા પાનું ચાલુ

ઉંચી ઈમારતો પર એન્ટી એરક્રાફ્ટ ગન ગોઠવી દેવામાં આવી છે. ૩૬૦ ઈમારતો પર એન્ટી એરક્રાફ્ટ ગન તૈનાત કરવામાં આવી ચુકી છે. સીસીટીવી કેમરાની સંખ્યા બે ગણી કરી દેવામાં આવી છે. હવાઈ દળના આઠ હેલિકોપ્ટર માત્ર લાલ કિલ્લાની આસપાસ જ નહી બલ્કે સમગ્ર દિલ્હી -એનસીઆર પર નજર રાખશે. સુરક્ષા માટે ફુલપ્રુફ પ્લાન અમલી છે. સાવચેતીના તમામ પગલા લેવાયા છે. સુરક્ષા દળો સામે પડકારરૂપ સ્થિતી સર્જાઈ છે. આ વખતે હુમલાની શક્યતાને ધ્યાનમાં લઈને આકાશથી જમીન અને જમીનની અંદર પર કેટલાક સ્તરની સુરક્ષા રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. હાઈટેક ગેજેટ, બોડી આર્મર, હેલ્મેટ અને દુરબીન સાથે સજ્જ જવાનો ગોઠવવામાં આવનાર છે. ૧૫મી ઓગષ્ટના દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઐતિહાસિક લાલ કિલ્લા પર પાંચમી વખત તિરંગો ધ્વજ લહેરાવશે. ત્યારબાદ ભાષણ આપશે. મોદી લાલ કિલ્લા પરથી ભાષણ કરનાર છે. આ વખતે લાલ કિલ્લાની સુરક્ષા કેટલીક રીતે અલગ પ્રકારની રહેશે. એક વરિષ્ઠ અધિકારીએ કહ્યુછે કે ડોગ સ્કોવોડ અને બોમ્બ ડિકેટ્શન ટીમની મદદથી વિસ્તારમાં દરરોજ એક ડઝન વખત સાફ કરવામાં આવે છે. ક્વિક રિએક્શન ટીમો મોરચા સંભાળી ચુકી છે. છેલ્લા કેટલાક દિવસથી લાલ કિલ્લાને દિલ્હી પોલીસની પીએમ સિક્યુરિટી વિંગની નજર હેઠળ છે.સીઆઈએસએફની મદદ પણ લેવામાં આવી રહી છે. આમાં સીઆઈએસએફના ૩૦૦ જવાનો તૈનાત રહે છે. ૧૫મી ઓગષ્ટ માટે વધારાના ૩૫૦-૪૦૦ જવાનોને તૈનાત કરવામાં આવી રહ્યા છે. લાલ કિલ્લાની નજીક એક દિવસ માટે મેટ્રો ટ્રેનને બંધ રાખવામાં આવશે.

## નવી યોજના... ● પહેલા પાનું ચાલુ

સ્કીમમો જાહેર કરવામાં આવી શકે છે. વડાપ્રધાન ઐતિહાસિક લાલ કિલ્લા પરથી આ વખતે યુવાનો માટે કેટલીક ખાસ પહેલ કરી શકે છે. સાથે સાથે ખેડુત સમુદાય માટેપણ કેટલીક જાહેરાત કરવામાં આવી શકે છે. વિરોધ પક્ષો દ્વારા કરવામાં આવેલી માંગ મુજબ જમ્મુ કાશ્મીરના સંબંધમાં પણ કોઈ ખાસ વાત કરી શકે છે.

બીજી બાજુ વડાપ્રધાન મોદીએ પોતે પણ હાલમાં લોકો પાસેથી સ્વંતત્રતા દિવસે ક્યાં મુદ્દા ઉઠવા જોઈએ તે અંગે અભિપ્રાય માગ્યાં હતા. લોકો તેમના અભિપ્રાય જુદા જુદા વિષયો પર આપી ચુક્યા છે. હવે આવતીકાલે વડાપ્રધાન ક્યા મુદ્દા ઉઠાવે છે તે બાબત પર તમામની નજર રહેશે.મોદી સરકાર સત્તામાં આવ્યા બાદથી મોંઘવારીને લઈને લોકો પરેશાન રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૫મી ઓગસ્ટના દિવસે સ્વતંત્રતા દિવસે ઐતિહાસિક લાલકિલ્લા પરથી સંબોધન કરવા જઈ રહ્યા છે ત્યારે મોદી આ વખતે ફાઈનાન્સિયલ ઈન્કલુશનના મુદ્દા ઉપર વાત કરે તેવી શક્યતા છે. જનધન ખાતા ધારકો માટે મોટી જાહેરાતો કરવામાં આવી શકે છે. આ ઉપરાંત અન્ય કેટલીક સુવિધાઓની જાહેરાત પણ થઈ શકે છે. ૩૨ કરોડથી વધુ જનધન ખાતા ધારકોના સંદર્ભમાં કોઈ મહત્વપૂર્ણ જાહેરાતો થઈ શકે છે. સરકારની ફાઈનાન્સિયલ ઈન્કલુશન ઝુંબેશને પ્રોત્સાહન આપવા કોઈ નવી જાહેરાત થઈ શકે છે. પ્રધાનમંત્રી જનધન યોજના ખાતા ધારકો માટે ઓવરડ્રાફ્ટની સુવિધા બે ગણી કરીને ૧૦૦૦૦ રૂપિયા કરવામાં આવી શકે છે. હાલમાં આ સુવિધા ૫૦૦૦ રૂપિયા સુધીની છે. પ્રથમ તબક્કો ૧૪મી ઓગસ્ટ ૨૦૧૫ના દિવસે પૂર્ણ કરાયો હતો. છેલ્લા ચાર વર્ષના ગાળામાં આ યોજના હેઠળ ૩૨.૨૫ કરોડ ખાતા ખોલવામાં આવ્યા છે. આમા ૮૦૬૭૪.૮૨ કરોડ રૂપિયા જમા કરવામાં આવ્યા છે. સરકાર અટલ પેન્શન યોજના હેઠળ પેન્શન મર્યાદા ૫૦૦૦ રૂપિયા પ્રતિમાસથી વધારીને ૧૦૦૦૦ રૂપિયા કરી શકે છે. આ ઉપરાંત પણ અન્ય કેટલીક જાહેરાતોની શક્યતા દેખાઈ રહી છે. અનઓર્ગેનાઈઝ્ડ સેક્ટરમાં કામ કરતા વર્કરો માટે પણ કેટલીક બચત યોજનાઓની જાહેરાત થઈ શકે છે.

**જાહેર નિવિદા નં. ૦૯ સને ૨૦૧૮-૨૦૧૯**
**(માર્ગ અને મકાન વિભાગ (વિદ્યુત))**
**ગુજરાત સરકાર**
**(વિજળીકરણ કામના અને અનુભવી ઠેકેદારો માટે)**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિદ્યુત પેટા વિભાગ નં. ૨૧, પાટનગર યોજના ભવન, ત્રીજો માળ, સેક્ટર-૧૬, ગાંધીનગર-૩૮૨૦૧૬ દ્વારા વિજળીકરણને લગતા ૦૭ કામ જેની અંદાજિત કિંમત રૂ. ૫૧,૨૨૨.૧૮થી રૂ. ૯૪,૨૯૩.૬૦ સુધીની છે. આ કામ માટે યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા વિદ્યુત કામના ઠેકેદારશ્રીઓ અને જેતે કામના અનુભવી પાસેથી ટેન્ડરો માંગવામાં આવે છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ ૨૩-૦૮-૨૦૧૮ બપોરે ૪.૦૦ વાગ્યા સુધી છે. ટેન્ડર પરત મેળવવાની તા. ૩૧-૦૮-૨૦૧૮ છે. આ કામની વિગતવાર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ ઉપર મૂકવામાં આવેલ છે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારે રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

માહિતી/૧૨૮૪/૧૮-૧૯
નાયબ કાર્યપાલક ઈજનેર
પાટનગર યોજના પેટા વિભાગ નં. ૨૧